# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
## પરીક્ષા શાખા.

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૯/૦૪/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ**

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની સભા તા. ૧૯/૦૪/૨૦૨૪ ને શુક્રવારનાં રોજ મા. કુલપતિશ્રી ડો. મુકુલભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને ચાણકય ભવન, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે મળેલ.

**નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજર રહેલ.**

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) વૈદ્ય ભરતભાઈ કળસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૩) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૪) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજર રહી શકેલ નહીં.**

(૧) નિયામકશ્રી આયુષ, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૨) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા

કાર્યસૂચિ–૧ :

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૩/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજુર થવા અંગે.

ઉપરોકત કાર્યવાહીની નોંધ બોર્ડના સર્વે સદસ્યશ્રીઓને પત્ર નં. ૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૩–૨૪/૨૦૫૯, તા. ૧૫/૦૩/૨૦૨૪ થી મોકલી આપવામાં આવેલ છે, જે મંજુર થવા પ્રસ્તાવ છે.

**ઉપરોકત મીટીંગની કાર્યવાહીની નોંધ મંજુર થતાં માન. અધ્યક્ષશ્રીએ સહી કરેલ.**

કાર્યસૂચિ–૨ :

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૩/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે લેવામાં આવેલ પગલાંની વિગત.

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની વિગત પત્રક–ક થી સામેલ રાખેલ.

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવેલ.**

કાર્યસૂચિ–૩ :

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માર્કશીટમાં સુધારા કરવા બાબત.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન આયુર્વેદ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની બી.એ.એમ.એસ. ની જાન્યુઆરી–૨૦૨૪ ની પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવતાં પરીણામમાં દર્શાવેલ એટીકેટી / ફેઈલની વિગતો પરત્વે ઘણી બધી કોલેજો તરફથી પૃચ્છા આવેલ તેમજ વિદ્યાર્થીઓએ આ બાબતે મુશ્કેલી અનુભવેલ. આથી એટીકેટી મેળવનાર વિદ્યાર્થી બાબતે જરૂરી સ્પષ્ટતા પરીક્ષા શાખા દ્વારા તા. ૦૪/૦૪/૨૦૨૪ ના પરિપત્ર નં. ૪/પરીક્ષા/૨૦૨૪–૨૫/૪૨ થી સર્વે કોલેજોને કરવામાં આવેલ તેમજ વિદ્યાર્થીઓને જાણ કરવા જણાવેલ. આ પરિપત્રની નકલ પરિશિષ્ટ–૧ થી સામેલ રાખેલ. એન.સી.આઈ.એસ.એમ., ન્યુ દિલ્હી તરફથી તા. ૧૪/૧૧/૨૦૨૩ નો પત્ર સર્વે યુનિવર્સિટીને મોકલવામાં આવેલ છે. આ પત્રની નકલ પરિશિષ્ટ–૨ થી સામેલ રાખેલ. એન.સી.આઈ.એસ.એમ. નો આ પત્ર વંચાણે લઈ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર દ્વારા બી.એ.એમ.એસ. ની આપવામાં આવતી માર્કશીટમાં સુધારા વધારા કરવા તેમજ માર્કશીટમાં હવે કયા પ્રકારના રીમાર્કસ દર્શાવવા તે બાબતે જરૂરી નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

...૨...

**આ બાબતે ચર્ચા વિચારણાના અંતે એન.સી.આઈ.એસ.એમ., ન્યુ દિલ્હીના તા. ૧૪/૧૧/૨૦૨૩ ના પત્ર નં. Ref. No. 18-12/2021-BUSS (SID-UG-MSE) ને ધ્યાને લઈ નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો.**

**(૧) એક કે બે વિષયમાં ફેઈલ થાય તો એટીકેટી (FAILED BUT PROMOTED) લખવું.**
**(૨) બે થી વધારે વિષયમાં ફેઈલ થાય તો ફેઈલ (FAILED AND DETAINED) લખવું.**

**ઉપર મુજબનો નિર્ણય જાન્યુઆરી–૨૦૨૪ ની બી.એ.એમ.એસ. ની પરીક્ષાથી (એમ.એસ.ઈ. ૨૦૨૨) કરવો તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

<u>કાર્યસૂચિ–૪</u> :

બી.એ.એમ.એસ. ની જાન્યુઆરી–૨૦૨૪ ની (એડમીશન વર્ષ–૨૦૨૧–૨૨–રીપીટર બેચ) પરીક્ષામાં ફેઈલ / એટીકેટીવાળા વિદ્યાર્થીઓની પરીક્ષાની તારીખ તથા બી.એ.એમ.એસ. પ્રથમ વર્ષ (એડમીશન વર્ષ–૨૦૨૨–૨૩) ની લેખિત પરીક્ષાની તથા પ્રેકટીકલ પરીક્ષાની તારીખો નકકી થવા બાબત.

બી.એ.એમ.એસ. ની જાન્યુઆરી–૨૦૨૪ ની (એડમીશન વર્ષ–૨૦૨૧–૨૨–રીપીટર બેચ) પરીક્ષામાં ફેઈલ / એટીકેટીવાળા વિદ્યાર્થીઓની તથા બી.એ.એમ.એસ. પ્રથમ વર્ષ (એડમીશન વર્ષ–૨૦૨૨–૨૩) ની પરીક્ષા જુન–૨૦૨૪ ના ત્રીજા અઠવાડીયામાં લેવાની થાય છે. આથી લેખિત પરીક્ષા તથા પ્રેકટીકલ પરીક્ષાની તારીખો નકકી થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**બી.એ.એમ.એસ. ની જાન્યુઆરી–૨૦૨૪ ની (એડમીશન વર્ષ–૨૦૨૧–૨૨–રીપીટર બેચ) પરીક્ષામાં ફેઈલ / એટીકેટીવાળા વિદ્યાર્થીઓની તથા બી.એ.એમ.એસ. પ્રથમ વર્ષ (એડમીશન વર્ષ–૨૦૨૨–૨૩) ની પરીક્ષા તા. ૨૫/૦૬/૨૦૨૪ થી લેખિત પરીક્ષા તથા તા. ૦૮/૦૭/૨૦૨૪ થી પ્રેકટીકલ પરીક્ષા શરૂ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. આ બંને પરીક્ષાના પરીણામ તા. ૧૮/૦૮/૨૦૨૪ સુધીમાં જાહેર કરવું તેમ નકકી કરવામાં આવ્યું. રીપીટર બેચની (એડમીશન વર્ષ–૨૦૨૧–૨૨–રીપીટર બેચ) નવી ટર્મ એન.સી.આઈ.એસ.એમ. ના એકેડેમીક કેલેન્ડર મુજબ ગણવાની રહેશે તે મુજબની જાણ કોલેજોને કરવી તેમ નકકી કરવામાં આવ્યું.**

**બી.એ.એમ.એસ. ની ચારેય વર્ષના (એમ.એસ.આર.–૨૦૧૬) જુના સિલેબસની લેખિત પરીક્ષા તા. ૨૯/૦૮/૨૦૨૪ થી તેમજ પ્રેકટીકલ પરીક્ષા તા. ૦૯/૦૯/૨૦૨૪ થી શરૂ કરવી અને આ પરીક્ષાનું પરીણામ તા. ૨૧/૧૦/૨૦૨૪ સુધીમાં જાહેર કરવું તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

<u>કાર્યસૂચિ–૫</u> :

એમ.ડી. પ્રથમ વર્ષ, એમ.ડી. ફાયનલ યર તથા બી.એન.વાય.એસ. (યોગ) ની ફાયનલ યરની પરીક્ષાની તારીખો નકકી થવા બાબત.

એમ.ડી. પ્રથમ વર્ષના કુલ–૯ વિદ્યાર્થીઓ (રીપીટર) (સરકારી વડોદરા–૧, અખંડાનંદ કોલેજ–૮), તથા એમ.ડી. ફાયનલ યરના કુલ–૨ વિદ્યાર્થીઓ (સરકારી વડોદરા–૧, નડીઆદ કોલેજ–૧) તેમજ બી.એન.વાય.એસ. (યોગ) ફાયનલ યરના કુલ–૧૯ વિદ્યાર્થીઓ (મોરારજી દેસાઈ) ની પરીક્ષા જુલાઈ–૨૦૨૪ માં લેવાની રહે છે, જેની તારીખો નકકી થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

એમ.ડી. ફાયનલ યરના કુલ–૨ વિદ્યાર્થીઓની પરીક્ષા મે–૨૦૨૪ માં લેવાની થાય છે, જેઓના થીસીસ સબમીશનની કાર્યવાહી મે–૨૦૨૪ માં કરાવીને પરીક્ષાની તારીખ જુલાઈ–૨૦૨૪ માં એમ.ડી. પ્રીલીમીનરી – રીપીટર તથા યોગ અંતિમ વર્ષની પરીક્ષાની સાથે રાખવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

...૩...

**ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો.**

**(૧) એમ.ડી. પ્રથમ વર્ષની લેખિત પરીક્ષા તા. ૦૩/૦૬/૨૦૨૪ અને તા. ૦૪/૦૬/૨૦૨૪ તથા પ્રેક્ટીકલ પરીક્ષા તા. ૦૫/૦૬/૨૦૨૪ તથા તા. ૦૬/૦૬/૨૦૨૪ નાં રોજ યોજવી.**

**(૨) એમ.ડી. ફાયનલ યરની લેખિત પરીક્ષા તા. ૦૩/૦૬/૨૦૨૪ થી તા. ૦૬/૦૬/૨૦૨૪ સુધી તથા પ્રેક્ટીકલ પરીક્ષા તા.૦૭/૦૬/૨૦૨૪ નાં રોજ યોજવી.**

**ઉપરોક્ત બંને પરીક્ષાઓ માટે પરીક્ષા કેન્દ્ર – સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા રાખવું તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. તેમજ આ બંને પરીક્ષાઓ માટે સીનીયર સુપરવાઈઝરશ્રીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી.**

**ઉપરોક્ત બંને પરીક્ષાનું પરીણામ તા. ૧૩/૦૬/૨૦૨૪ સુધીમાં જાહેર કરવું તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

**(૩) બી.એન.વાય.એસ. (યોગ) ની ફાયનલ યરની પરીક્ષાની તા. ૨૫/૦૬/૨૦૨૪ થી લેખિત પરીક્ષા તથા તા. ૦૮/૦૭/૨૦૨૪ થી પ્રેક્ટીકલ પરીક્ષા શરૂ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

કાર્યસૂચિ–૬ :
પરીક્ષાના આવેદન ફોર્મ ભરવા માટેનો સમય નકકી થવા બાબત.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર દ્વારા લેવામાં આવતી કોઈપણ પરીક્ષાના આવેદનપત્રો ભરવા માટે હાલમાં કોલેજ / વિદ્યાર્થીઓને લેઈટ ફી સાથેનો કુલ–૦૧ માસ જેટલો સમય આપવામાં આવે છે. હવે પરીક્ષાની ફી વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીના ખાતામાં ઓનલાઈન ભરવામાં આવે છે, તેથી આવેદનપત્રો ભરવા માટેનો સમય ઘટાડવો જરૂરી છે. આવેદનપત્રો ભરવા માટે એક માસ જેટલો સમય આપવાથી તે સમય બાદ વિદ્યાર્થીઓની સંખ્યા નકકી થાય છે. વિદ્યાર્થીઓ નકકી થયા બાદ તેઓના સીટ નંબર જનરેટ કરવામાં આવે છે. સીટ નંબર જનરેટ થયા બાદ પ્રેક્ટીકલ પરીક્ષાનું ટાઈમ ટેબલ નકકી થઈ શકે છે. હાલ સામાન્ય રીતે લેખિત પરીક્ષા શરૂ થવાની તારીખ પહેલાંથી એક માસ જેટલો સમય આવેદનપત્રો ભરવા માટે આપવામાં આવે છે, જેથી પ્રેક્ટીકલ પરીક્ષાનું ટાઈમ ટેબલ બનાવવામાં ખુબ જ મુશ્કેલી રહે છે. આથી આવેદનપત્રો ભરવા અંગેનો સમય એક માસથી ઘટાડી નવેસરથી નકકી થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણાના અંતે હાલ જે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે તે મુજબ જ કાર્યવાહી કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

બાબત–૧
જુ.સુપરવાઈઝર તરીકેની ડયુટી શૈક્ષણિક સ્ટાફને સોંપવા બાબત.

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૩૦/૦૪/૨૦૧૬ ની સભામાં કાર્યસૂચિ–૫ માં થયેલ નિર્ણય અન્વયે પ્રિન્સીપાલ / સુપ્રિન્ટેન્ડન્ટના તાબા હેઠળના વર્ગ–૧–૨–૩ ના કર્મચારીઓને જુનીયર સુપરવાઈઝર તરીકે નિમણુંક આપવામાં આવે છે. આ નિમણુંક જે તે કોલેજ દ્વારા જ પરીક્ષા સમયે કરવામાં આવે છે. હાલના એકઝામીનેશન કંટ્રોલ બોર્ડના સદસ્યશ્રી તરફથી ટેલીફોનીક સૂચન આવેલ છે કે, જે તે પરીક્ષા દરમ્યાન જુનીયર સુપરવાઈઝર તરીકેની ડયુટી શૈક્ષણિક સ્ટાફને સોંપવી. આ બાબતે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

...૪...

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષામાં જુનીયર સુપરવાઈઝર તરીકેની ડયુટી શૈક્ષણિક સંવર્ગ (ટીચર) માંથી જ આપવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. આ બાબતની જાણ દરેક કોલેજને કરવી તેમ નકકી કરવામાં આવ્યું.**

બાબત–૨

સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ ડીવીડીની જગ્યાએ પેનડ્રાઈવમાં મોકલવા બાબત.

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે સીસીટીવી કેમેરાનું સેશનવાઈઝ રેકોર્ડીંગ ડીવીડીની જગ્યાએ પેનડ્રાઈવમાં મોકલવું તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. આ બાબતે દરેક કોલેજને જાણ કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.**

બાબત–૩

એમ.ડી. / એમ.એસ. ના ફાયનલ યરના (અંતિમ વર્ષ) ના પેપર સેટર તથા મોડરેટરની નિમણુંક અંગે.

**એમ.ડી. / એમ.એસ. ના ફાયનલ યરના (અંતિમ વર્ષ) ના પેપર સેટર તથા મોડરેટરની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી.**

બાબત–૪

બી.એ.એમ.એસ. માં વર્ષ–૨૦૧૬ પહેલાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ચતુર્થ વર્ષની એપ્રિલ–૨૦૨૪ માં લેવાયેલ પરીક્ષાની ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઈન કરવા બાબત.

**બી.એ.એમ.એસ. માં વર્ષ–૨૦૧૬ પહેલાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ઉતરવહીઓનું એસેસમેન્ટ અત્યાર સુધી ઓફલાઈન એટલે કે, ટીચરો પાસે રૂબરૂ બોલાવીને કરાવવામાં આવતું હતું. હવેથી વર્ષ–૨૦૧૬ પહેલાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઈન કરાવવાનું રહે છે તે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. આ નિર્ણયના અનુસંધાને ચતુર્થ વર્ષની એપ્રિલ–૨૦૨૪ માં લેવાયેલ પરીક્ષાની ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઈન કરાવવાની મંજુરી આપવામાં આવી.**

**( ડો. એ. પી. ચાવડા )**
**ઈન્ચાર્જ કુલસચિવ**

નં.૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૪–૨૫/ ૧૧૬ તા. ૧૯/૦૪/૨૦૨૪

પ્રતિ,
સર્વે સંબંધિત સદસ્યશ્રીઓ તરફ.....
(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) નિયામકશ્રી, આયુષ, આયુષ વિભાગની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગાંધીનગર
(૪) વૈદ્ય ભરતભાઈ કળસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૫) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૬) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નકલ રવાના :–**

(૧) પી. એસ. ટુ વી. સી.
(૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર
(૩) હિસાબી શાખા
(૪) કોમ્પ્યુટર પ્રોગામરશ્રી, કુલપતિશ્રી કાર્યાલય